# S.U.G College of Education

## અભ્યાસક્રમ વિકાસના સિધ્ધાંતો
## અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

Dr. Kiranben. J. Patel

# અભ્યાસક્રમ વિકાસના પાયા

- **Unit 2.2 અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા (Philosophical Foundation of Curriculum Development )**
- તત્વજ્ઞાન એ આપણા જીવનનું અભિન્ન અંગ છે તે જીવન તરફની આપણી દ્રષ્ટિ સૂચવે છે આ દર્શન સત્યમ, શિવમ સુન્દરમ સ્વરૂપ હોય કે પછી સત ચિત, આનંદ સ્વરૂપે હોઈ શકે છે તે આશા- નિરાશા સ્વરૂપે હોય કે સેવા સ્વરૂપે હોઈ શકે છે, તે ભક્તિ સ્વરૂપે હોય કે પછી જ્ઞાનયોગ સ્વરૂપે હોઈ શકે છે તે આદર્શવાદ, વ્યવહારવાદ, પ્રયોજનવાદ, પ્રકૃતિવાદકે અસ્તિત્વવાદ સ્વરૂપે હોઈ શકે છે. દરેક પ્રજા ને પોતાનું આગવું તત્વજ્ઞાન હોય છે દરેક વ્યક્તિનું પણ આગવું દર્શન હોય છે

# અભ્યાસક્રમ ના દાર્શનિક પાયા

- સમાજના પ્રવર્તમાન તત્વજ્ઞાન નું પ્રતિબિંબ અભ્યાસક્રમમાં પડવું જોઈએ, ભારતીય સંસ્કૃતિ અનુસાર માનવજીવન મૂલ્યવાન છે, આ સંદર્ભમાં વિષયવસ્તુની પસંદગી થવી જોઇએ
- આશાવાદ એ માનવજીવનના અસ્તિત્વનો આધાર છે. દરેક માનવીને ઉજ્વળ ભવિષ્ય પ્રાપ્ત કરવાનો અધિકાર છે અને અભ્યાસક્રમ તે માટેની તકો પૂરી પાડતો હોવો જોઈએ
- ભારતીય દર્શન સત્ય, પ્રેમ, કરુણા, ભાઈચારો જેવા ઉમદા વિચારોમાં માને છે. આમ વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના દૃઢ કરે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- ભારતીય શિક્ષણ નું અંતિમ ધ્યેય સા વિદ્યા યા વિમુક્તયે એટલે કે મુક્તિ માટેનું શિક્ષણ હોવાના સંદર્ભમાં વિદ્યાર્થીઓ પોતાના પર્યાવરણને ઓળખી તેના પ્રત્યે ચોક્કસ દૃષ્ટિકોણ કેળવે તે જરૂરી છે.
- ભૌતિક જગતના જ્ઞાનને ભારતીય દર્શનમાં અવિદ્યા કહી છે જ્યારે તત્વોની ઓળખ માટેના જ્ઞાનને  વિદ્યા તરીકે ગણાવી છે આ સંદર્ભમાં માનવીનું બળ માત્ર ભૌતિક સંપત્તિ નહીં પરંતુ સ્નેહ,  સહાનુભૂતિ સૌજન્ય  અને સ્વની ઓળખ છે અભ્યાસક્રમ આ દ્રષ્ટિકોણ નો વિકાસ કરે તેવો હોવો જોઈએ
- ઉપરની બધી બાબતો પરથી તો એટલું જરૂર કહી શકાય કે સમય, સ્થળ અને સ્થિતિ પ્રમાણે શૈક્ષણિક ફિલસૂફી માં જે પલટો આવે છે તેમાંથી અભ્યાસક્રમ મુક્ત રહી શકતો નથી

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- અભ્યાસક્રમ અંગે જુદા જુદા વાદોની વિચારસરણી તપાસીએ

**1. પ્રકૃતિવાદ અને અભ્યાસક્રમ:** પ્રકૃતિવાદ કુદરતી માનવ ઘડતર પર ભાર મૂકે છે બાળકના શિક્ષણ માં શાળા,  પુસ્તકો અને શિક્ષક ને બદલે કુદરતને જ કેળવણીના એકમાત્ર સાધન અને માધ્યમ તરીકે સ્વીકારે છે પ્રાચીન માનવી કુદરતના ખોળે જ ઉછર્યો હતો અને કુદરતના બળે જ તેને ઘડ્યો હતો પ્રકૃતિવાદ પોકારે છે કે કુદરત તરફ પાછા વળો અને બાહ્ય આડંબર  તથા કુત્રિમતા ને છોડી દો

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- 2. આદર્શવાદ અને અભ્યાસક્રમ, : આદર્શવાદી ફિલોસોફી બાળકના સ્વતંત્ર અને પ્રસન્ન વિકાસમાં શિક્ષકનાં સ્થાન જેટલું જ અભ્યાસક્રમ ના કાળજી ભર્યા આયોજનને મહત્ત્વનું ગણે છે આદર્શવાદી ફિલસૂફીની એક વિચારધારા વિચારને મુખ્ય લખે છે અને માને છે તેના ઢાંચામાં જ સૃષ્ટિના બધા ઇન્દ્રિયગમ્ય અનુભવો ઢળાય છે આ વિચારને આધારે જ આખી સૃષ્ટિ નિયંત્રિત છે અને તે વિચાર કાયમી અસ્તિત્વ ધરાવે છે તેથી આદર્શવાદી ફિલસૂફીની વિચાર કેન્દ્રીય શાખા વિચારોના શિક્ષણને અને બૌદ્ધિક શિક્ષણને અભ્યાસક્રમની કરોડ લેખે છે
- તેઓ અભ્યાસક્રમમાં ઇન્દ્રિયોના શિક્ષણને તેમજ શારીરિક શિક્ષણ ને તેમજ ધંધાકીય શિક્ષણનું સ્થાન સ્વીકારે છે, પણ તેમનું સ્થાન બૌદ્ધિક વિષયોના સ્થાન કરતા ઓછું છે.

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- **વાસ્તવવાદ અને અભ્યાસક્રમ**, વાસ્તવવાદે શાળાના અભ્યાસક્રમની વિષય શિક્ષણ ના પાયા પર રચાયેલી સાંકડી સંકલ્પના નો વિરોધ કર્યો છે શાળાના અભ્યાસક્રમમાં શિક્ષણને સહાયક બને તેવી સહ અભ્યાસની અનેક પ્રવૃત્તિઓ ની હિમાયત કરી છે અભ્યાસ મંડળો, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રવાસ, પર્યટન, સ્થળોની મુલાકાત, શાળા મિજલસ, શાળા અદાલત, શાળા પુસ્તકાલય ને શાળા પ્રદર્શનો વગેરે અભ્યાસની જ પ્રવૃત્તિ છે તે વિષય શિક્ષણ તથા પાઠ્ય પુસ્તકની માફક તે પણ શિક્ષણના અભ્યાસક્રમમાં અંતર્ગત ભાગ છે
- વાસ્તવવાદ પુસ્તકને બદલે પ્રત્યક્ષ અનુભવ દ્વારા શિક્ષણની અને શબ્દોને બદલે પ્રત્યક્ષ પદાર્થ ના ઉપયોગની હિમાયત કરી છે

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- **વાસ્તવવાદ અને અભ્યાસક્રમ,** ઉદાહરણ તરીકે વિજ્ઞાનનું શિક્ષણ ચોક અને વાર્તાલાપ પદ્ધતિથી આપવાને બદલે પ્રયોગશાળામા ની વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ દ્વારા અને વૈજ્ઞાનિક ઘટનાઓના પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા અપાવું જોઈએ, ભૂગોળ નું શિક્ષણ પણ પુસ્તકો અને નકશાઓ ને બદલે શાળા પ્રવાસો અને પર્યટનો દ્વારા અપાવું જોઈએ
- વાસ્તવવાદે વિશિષ્ટ શિક્ષણનો ખ્યાલ ઉપસાવી અભ્યાસક્રમમાં ધંધાકીય અને ટેકનીકલ વિષયો આણયા અને એ રીતે તેની સીમાનો વિસ્તાર વધારો અભ્યાસક્રમનો આ વિશાળ ખ્યાલ વાસ્તવવાદ ની વર્તમાન સમયમાં ખૂબ જ મહત્વની ભેટ છે

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- **વ્યવહારવાદ અને અભ્યાસક્રમ:** વ્યવહારવાદ બાળકના વર્તમાન અનુભવો પર અભ્યાસક્રમ યોજવાનો દ્રષ્ટિકોણ સ્વીકારે છે પણ તેમાં તે ઉપયોગિતાનું તત્વો ઉમેરે છે બાળકને તેના જીવનમાં ઉપયોગી નીવડે એવા અનુભવો પૂરા પાડવાનું કાર્ય શાળાએ બજાવવાનું છે જે તેના વર્તમાન જીવનમાં ને ભાવી જીવનમાં ઉપયોગી નીવડે. વ્યવહારવાદ અભ્યાસક્રમમાં ઉપયોગિતા ના ધોરણે જ ભાષા, ઇતિહાસ, ભૂગોળ, ગણિત શાસ્ત્ર, વિજ્ઞાન, સ્વાસ્થ્ય શારીરિક કેળવણી જેવા વિષયોની હિમાયત કરી છે વ્યવહારવાદ પુસ્તકીયા જ્ઞાન કરતાં પ્રત્યક્ષ અનુભવ દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાન પર ભાર મૂકે છે
- વ્યવહારવાદ જ્ઞાનને ટુકડામાં ન આપતાં સમગ્ર રીતે આપવું જોઈએ તેના પર ભાર મૂકે છે

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- **કેટલાક તત્વ ચિંતકોના મતે અભ્યાસક્રમ**
- **1. ગાંધીજી :** ગાંધીજી પોતે વ્યવહાર વાદી તત્વચિંતક હતા ગાંધીજીએ ઉદ્યોગ દ્વારા કેળવણી પર એટલો બધો ભાર મૂક્યો છે કે તે તેમની બુનિયાદી શિક્ષણની યોજના નું આગવું લક્ષણ બની ગયું છે તેમણે શિક્ષણ માં ગામડા ના પાયાના ઉદ્યોગો ના સમાવેશ ને આવશ્યક લેખ્યું હતું. અક્ષરજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન વગેરે બધા નું જ્ઞાન ઉદ્યોગ શિક્ષણ દ્વારા અપાવું જોઈએ
- **2. ગુરુદેવ ટાગોર** ગુરુદેવ ટાગોર પોતે પ્રકૃતિ વાદક તત્વચિંતક હતા ગુરુદેવે કેળવણીમાં બાળકની આત્માભિવ્યક્તિ ને મહત્વ લેખ્યું છે ઘરના અને કુદરતના વાતાવરણમાં બાળક પોતાના આત્માની મુક્ત રીતે અભિવ્યક્તિ કરે એ જ કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ ગુરુદેવે બાળકને તેની કુદરતી વૃત્તિઓ પ્રમાણે વિકાસ સાધવાની છૂટ મળે તે વાત પર ભાર મૂક્યો છે પ્રારંભિક શિક્ષણમાં રમતગમતને મહત્વનું સ્થાન આપે છે

# અભ્યાસક્રમ વિકાસના દાર્શનિક પાયા

- કેટલાક તત્વ ચિંતકો ના મતે અભ્યાસક્રમ

3. **જિન જેક રુસો :** રૂસો પ્રકૃતિ વાદી તત્વચિંતક છે તેઓ કુદરત દ્વારા મળતી કેળવણી જ સાચી કેળવણી લેખે છે તેઓ માનવનિર્મિત ઔપચારિક અને રૂઢિ ગ્રસ્ત શિક્ષણ પ્રણાલી નો સખત વિરોધ કરે છે રૂસોને મન શિક્ષણનો હેતુ બાળકની જન્મજાત શક્તિઓનો વિકાસ કરવો એ છ

4. **જ્હોન ડ્યૂઈ :** તેઓ વ્યવહાર વાદી તત્વચિંતક છે તેઓ અભ્યાસક્રમમાં બાળકની પ્રવૃત્તિઓને મહત્વનું સ્થાન આપે છે અને પ્રવૃત્તિઓની સામગ્રી જીવનની વાસ્તવિક પ્રવૃત્તિમાંથી પસંદ કરવાની સૂચના કરે છે અભ્યાસક્રમમાં બાળકને સામાજિક જીવનની સામાજિક પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પડવું જોઈએ